### તાપમાનમાં ઘટાડો થતાં ગિરિમથકમાં ઠંડકભર્યો માહોલ છવાયો

# વરસાદથી સાપુતારા માં શિયાળાનો માહોલ

**અચાનક** તૂટી પડેલા ધોધમાર વરસાદ અને ધુમ્મસના માહોલથી સાપુતારાની કુદરતી સુંદરતામાં ચાર ચાંદ લાગ્યા

**પ્રવાસીઓની** સુરક્ષાને પ્રાથમિકતા આપી સર્પગંગા તળાવની બોટિંગ સેવા બંધ રખાઈ



ગિરીશ ભોયે

સાપુતારા : ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં મંગળવારે બપોર બાદ અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતા સમગ્ર વિસ્તારનું વાતાવરણ વરસાદી બની ગયું હતું. ભારે વરસાદને પગલે સાપુતારાના પર્વતો, ખીણો અને રસ્તાઓ પર ચોમેર પાણીના પ્રવાહ વહેતા જોવા મળ્યા હતા. લીલીછમ વનરાજી વચ્ચે વરસતા વરસાદે ગિરિમથકની કુદરતી સુંદરતામાં અનેકગણો વધારો કરી દીધો હતો. વરસાદ અને ધુમ્મસના આહલાદક માહોલ વચ્ચે પર્વતો વાદળોથી ઘેરાયેલા નજરે પડ્યા હતા, જાણે વાદળો પર્વતોને અડીને પસાર થઈ રહ્યા હોય તેવો નયનરમ્ય અને મનમોહક નજારો સર્જાયો હતો.

દરમિયાન, અવિરત અને ભારે વરસાદને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સર્પગંગા તળાવ ખાતે ચાલતી બોટિંગ સેવા તાત્કાલિક અસરથી બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. પ્રવાસીઓની સુરક્ષા સર્વોપરી હોવાથી નૌકાવિહાર બંધ કરાતા બોટિંગ માટે આવેલા કેટલાક પ્રવાસીઓને નિરાશા સાંપડી હતી, પરંતુ સુરક્ષાને મળેલી પ્રાથમિકતાને સૌએ આવકારી હતી.

આ અણધાર્યા વરસાદને કારણે સાપુતારાના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો અનુભવાયો હતો. ગિરિમથકમાં ઠંડા પવનો સાથે ઠંડકભર્યો માહોલ છવાઈ જતાં પ્રવાસીઓને જાણે ચોમાસામાં જ શિયાળાની ઋતુનો અદ્ભુત અનુભવ થયો હતો. પર્વતો પર છવાયેલી ધુમ્મસની સફેદ ચાદર અને રસ્તાઓની બંને બાજુ ફેલાયેલી હરિયાળી પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહી હતી. ભારે વરસાદ વચ્ચે પણ ગિરિમથકનું પ્રાકૃતિક સૌંદર્ય માણવા મોટી સંખ્યામાં આવેલા પ્રવાસીઓએ આ ખુશનુમા વાતાવરણનો ભરપૂર આનંદ માણ્યો હતો. તંત્ર દ્વારા પણ પર્વતીય માર્ગો પર વાહન ચલાવતી વખતે પ્રવાસીઓને સાવચેતી રાખવા ખાસ અપીલ કરવામાં આવી છે.

# ખેરગામમાં ૨.૨૮ ઇંચ વરસાદથી ભાદરવામાં અષાઢી માહોલ

**ગણદેવીમાં** ૦.૮૮ ઈંચ વરસાદથી ડાંગર સહિતના ખેતીપાકોને જીવતદાન, નદીઓમાં ફરી પાણીની આવક



ખેરગામ : ખેરગામ અને ગણદેવી તાલુકામાં પાછોતરા વરસાદે આકરી ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને મોટી રાહત આપી છે. મંગળવારે બપોરે ૧૨ થી સાંજે ૪ વાગ્યા દરમિયાન માત્ર ચાર કલાકમાં ખેરગામમાં ૫૭ મીમી (૨.૨૮ ઈંચ) જ્યારે ગણદેવીમાં ૨૨ મીમી (૦.૮૮ ઈંચ) વરસાદ ખાબક્યો હતો. આ વરસાદના કારણે રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

આ સાથે ખેરગામનો મોસમનો કુલ વરસાદ ૩૧૩૪ મીમી (૧૨૫.૩૬ ઈંચ), ગણદેવીનો ૨૨૦૦ મીમી (૮૮ ઈંચ) અને ચીખલીનો ૨૬૩૨ મીમી (૧૦૪.૯૨ ઈંચ) નોંધાયો છે. વરસાદી માહોલના કારણે અંબિકા, કાવેરી, પનિહારી, વેંગણિયા, ઔરંગા, તાન અને માન સહિતની નદીઓમાં પાણીની આવક થઈ હતી, જેમાં અંબિકા નદીની જળસપાટી ૧૨.૦૭ ફૂટ અને કાવેરી નદીની જળસપાટી ૮ ફૂટને વટાવી ગઈ હતી.

ભાદરવા મહિનામાં વરસેલો આ પાછોતરો વરસાદ ડાંગર અને શાકભાજી સહિતના ખેતીપાકોના અંતિમ તબક્કામાં વરદાનરૂપ સાબિત થયો છે. પાકને સમયસર જરૂરી પાણી મળી રહેતા જગતનો તાત ગેલમાં આવી ગયો છે. એક તરફ ખેતીપાકોને નવજીવન મળ્યું છે તો બીજી તરફ આહલાદક વાતાવરણથી નાગરિકોએ પણ હાશકારો અનુભવ્યો છે.

# ખેરગામ-ચીખલી APMCની ચૂંટણીમાં વિવાદ ઊભો થયો

**ખેરગામના** શશીન પટેલે એડ્વોકેટ મારફતે અપીલ કરી, સ્ટે મૂકવા માંગ

**ગેરલાયક** નામો કયા આધારે ચાલુ રખાયા તેની સ્પષ્ટતા ન કરાતાં ચૂંટણી રદ કરવાની માંગ




ખેરગામ : ચીખલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની વેપારી વિભાગની યોજાયેલી ચૂંટણીમાં ગંભીર અનિયમિતતાઓ અને કથિત ગેરરીતિઓ આચરવામાં આવી હોવાના આક્ષેપ સાથે વેપારી વિભાગની ચૂંટણી રદ કરવા માટે નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર સમક્ષ અપીલ અરજી દાખલ કરવામાં આવી છે. ખેરગામના રહીશ અપીલકર્તા શશીનભાઈ ઘેલાભાઈ પટેલ દ્વારા તેમના એડ્વોકેટ દિલીપસિંહ એમ. પરમાર મારફતે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર ધારાના નિયમ-૨૮ અન્વયે આ અપીલ (અપીલ અરજી નં. ૬૩/૨૦૨૬) નોંધાવવામાં આવી છે. આ મામલે નિયામક કચેરી દ્વારા સુનાવણી નોટિસ જારી કરી તમામ પક્ષકારોને આગામી તા.૨૯/૯/૨૦૨૬ના રોજ બપોરે 3:30 કલાકે જરૂરી આધાર-પુરાવા સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર ધારાની કલમ-૧૧(૧)(૨) તથા નિયમ-૨૭ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી વેપારી વિભાગની મતદાર યાદી તૈયાર કરવામાં આવી હતી. જે વેપારીઓ પાસે યોગ્ય લાઇસન્સ નથી, જેમણે સળંગ ત્રણ નાણાકીય વર્ષથી લાઇસન્સ ધારણ કર્યું નથી, નિયમોનું પાલન કરીને વેપાર કર્યો નથી અથવા નિયત રૂપિયા ૫૦,૦૦૦ની ફી ચૂકવી નથી, તેવા ગેરલાયક વેપારીઓને ખોટી રીતે મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા હતા. વાંધા અરજીઓ આપવા છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હતી. ૨૦ વેપારીની યાદીમાંથી ૧૦ નામ રદ કર્યા બાદ પણ બાકીનાં ગેરલાયક નામો કયા આધારે ચાલુ રાખવામાં આવ્યાં તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ તમામ વગતો ધ્યાને રાખીને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ચીખલીની વેપારી વિભાગની સમગ્ર ચૂંટણી રદ કરવાની માંગ કરવામાં આવી છે

### બજાર સમિતિનો એકપણ વેપારી યુનિફાઇડ લાઇસન્સ ધરાવતો નથી

ચીખલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓ અને નિયમોના ઉલ્લંઘનના ગંભીર આક્ષેપો સાથે અરજદાર શશીન પટેલ દ્વારા દાદ માંગતી અપીલ અને સોગંદનામું રજૂ કરવામાં આવ્યું છે. અપીલમાં જણાવ્યા અનુસાર નિયમ-૨૮ (૧) હેઠળ નિયત ૭ દિવસની સમયમર્યાદામાં અરજદારે વાંધા અરજી કરી હોવા છતાં, અધિકૃત અધિકારી દ્વારા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધા વિના અરજી નામંજૂર કરવામાં આવી હતી. આ ઉપરાંત, APMC દ્વારા તૈયાર કરાયેલી મતદાર યાદીની યોગ્ય ચકાસણી કરવામાં આવી નહોતી અને તેમાં દર્શાવેલા વેપારીઓએ માર્કેટ શેષ ફી જમા કરાવી નથી તેમજ તેઓ માત્ર યુઝર્સ ચાર્જ ભરે છે. વધુમાં, હાલની તારીખે બજાર સમિતિનો એકપણ વેપારી યુનિફાઇડ લાયસન્સ ધરાવતો ન હોવાથી લાયકાત ન ધરાવતા ઉમેદવારોને ગેરકાયદેસર રીતે મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. આથી, અરજદારે તા.૧૦/૯/૨૦૨૬ના રોજ જિલ્લા રજિસ્ટ્રાર અને ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલી ચીખલી APMC વેપારી વિભાગમાં ચાર જણાનું ચૂંટણીનું પરિણામ રદ કરવાની તથા અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી પરિણામ પર સ્ટે આપવાની નોટરી સમક્ષ સોગંદનામું કરી માંગ કરી છે.

# નવસારીમાં અનાજ વિતરણમાં લોલંલોલ, તંત્રની નોટિસ

**ત્રણ** વાજબી ભાવની દુકાનોમાં આકસ્મિક તપાસ દરમિયાન અનાજના જથ્થામાં મોટી અસમાનતા ઝડપાઈ

નવસારી: જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે માટે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ નવસારી શહેર, જલાલપોર અને કારવાડની ત્રણ વાજબી ભાવની દુકાનોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન સરકારી રેકોર્ડ અને સ્થળ પરના વાસ્તવિક જથ્થા વચ્ચે નોંધપાત્ર તફાવત મળી આવતા તંત્ર હરકતમાં આવ્યું છે.

ઉદ્યોગનગરની દિપિકા એસ. લધ્ધડ સંચાલિત દુકાનમાં ઘઉં 1300 કિલો, ખાંડ 3144.400 કિલો, ચણા 1214 કિલો અને બાજરી 928 કિલોનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ ચોખામાં 566.400 કિલો અને ડબલ ફોર્ટિફાઈડ મીઠામાં 1175 કિલોનો વધારો નોંધાયો હતો.

જલાલપોરની રવિનભાઈ ડી. ચોડવડિયા સંચાલિત દુકાનમાં ઘઉં 918 કિલો અને ચોખા 502 કિલો સહિત વિવિધ જથ્થામાં તફાવત સામે આવ્યો હતો. જ્યારે કારવાડની શોભનાબેન વી. રાણા સંચાલિત દુકાનમાં ઘઉં 36 કિલો, ચોખા 16 કિલો અને બાજરી 12 કિલોનો ઘટાડો તથા ખાંડમાં 8.750 કિલોનો વધારો નોંધાયો હતો.

ત્રણેય દુકાનોમાં જથ્થાની અસમાનતા સામે આવતા સંચાલકોને કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

હવે સંચાલકોના જવાબ અને તપાસના તારણોના આધારે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે. જાહેર વિતરણના અનાજના જથ્થામાં થયેલી ગેરરીતિ સામે જિલ્લા તંત્રની તપાસથી રેશન વ્યવસ્થામાં ખળભળાટ મચ્યો છે.

### સાકરપાતળમાં દીપડો પાંજરે પુરાયો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ દક્ષિણ વન વિભાગની સાકરપાતળ રેંજ વિસ્તારમાં દીપડાની અવરજવર જોવા મળતા સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સ્થાનિકોની સુરક્ષાને ધ્યાને રાખીને વન વિભાગ દ્વારા મંદિર ફળિયા નજીક આવેલી પરશુભાઈ જાદવની જમીનમાં પાંજરૂ મૂકવામાં આવ્યું હતુ. આ પાંજરામાં આખરે આશરે ૩ વર્ષની ઉંમરનો દીપડો કેદ થઈ ગયો હતો. વહેલી સવારે દીપડો પાંજરે પુરાયો હોવાની જાણ થતાં જ વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને દીપડાનો કબજો મેળવ્યો હતો. દીપડાના રેસ્ક્યૂ બાદ વન વિભાગે તબીબી તપાસ કરી હતી. દીપડો સંપૂર્ણપણે સ્વસ્થ હોવાનું જણાતા તેને જંગલમાં મુક્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

### વલસાડના ઠક્કરવાડામાં દીપડાએ ગૌ-વંશનું મારણ કરતા ગ્રામજનોમાં દહેશત

વલસાડ : વલસાડ તાલુકાના ઠક્કરવાડા ગામના નાનું ફળિયા વિસ્તારમાં દીપડાએ ગૌવંનો શિકાર કર્યો હતો. જેના કારણે સ્થાનિકોમાં પશુઓ અને બાળકોની સુરક્ષાને લઈને ભારે ચિંતા પ્રસરી છે. ગ્રામજનોએ વલસાડ વન વિભાગને જાણ કરતા ફોરેસ્ટ અધિકારીઓની ટીમે પહોંચી પાંજરું ગોઠવી દીધું છે. વન વિભાગે ગ્રામજનોને રાત્રે બહાર ન નીકળવા, પશુઓને સુરક્ષિત જગ્યાએ બાંધવા તેમજ બાળકોની સંભાળ રાખવા અપીલ કરી છે. બીજી તરફ, ગ્રામજનોમાં દહેશત હોવાથી વન વિભાગ વહેલી તકે આ હિંસક દીપડાને પાંજરે પૂરે તેવી સ્થાનિકો મજબૂત માંગ કરી રહ્યા છે.

### નજીવી ફીમાં મૂલ્યલક્ષી શિક્ષણનો મહાયજ્ઞ

# જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ કેમ્પસમાં એકસાથે 23 હજારથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ

**91** ભામાશાઓના સહયોગથી 2002માં શરૂ થયેલી સંસ્થા આજે ચાર શૈક્ષણિક વિભાગો સાથે વિશાળ વિદ્યાસંકુલ બની

**1,400થી** વધુ શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, 171થી વધુ સ્કૂલ બસ અને 900થી વધુ CCTV કેમેરાથી સુસજ્જ કેમ્પસ



સુરતઃ સમાજના મોભી સમાન ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શિક્ષણ અને સમાજસેવાનો મહાયજ્ઞ આગળ ધપાવતી શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ આજે હજારો વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાસભર, સંસ્કારયુક્ત અને મૂલ્યલક્ષી શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. વર્ષ 2002માં સ્થાપિત થયેલા આ ટ્રસ્ટ દ્વારા શિક્ષણની સાથે મેડિકલ ક્ષેત્રે પણ નોંધપાત્ર સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ 2009માં માત્ર 400 બાળકો સાથે શરૂ થયેલા વિદ્યા સંકુલમાં અત્યાર સુધીમાં 23 હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે. સંસ્થાના જણાવ્યા મુજબ, છેલ્લા 14 વર્ષથી વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયો ફી વધાર્યા વિના નજીવી ફીમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કાર, રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાના મૂલ્યોનું સિંચન થાય તેવો પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. હાલ વિદ્યા સંકુલના કેમ્પસમાં ચાર વિભાગ કાર્યરત છે. તેમાં ગુજરાતી માધ્યમની મિશ્રશાળા, ગુજરાતી માધ્યમની કન્યાશાળા, અંગ્રેજી માધ્યમની CBSE શાળા તથા અંગ્રેજી માધ્યમની GSEB શાળાનો સમાવેશ થાય છે. 91 જેટલા ભામાશાઓ, ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શરૂ થયેલી આ સંસ્થાએ શિક્ષણ અને આરોગ્યસેવાના ક્ષેત્રે સતત વિસ્તરણ કર્યું છે.

### પ્રાર્થના ખંડથી વ્યક્તિત્વ વિકાસ પર ભાર

વિદ્યાર્થીઓ નાનપણથી જ પોતાની સુષુપ્ત શક્તિઓ અને પ્રતિભાને વિકસાવી શકે તે માટે સંકુલમાં આશરે 15 વિશાળ પ્રાર્થના ખંડોની વ્યવસ્થા છે. શિક્ષણની સાથે સંસ્કાર અને વ્યક્તિત્વ વિકાસને પણ મહત્વ આપવામાં આવે છે.

### 2025-26માં ધોરણ 10 અને 12નું નોંધપાત્ર પરિણામ

શાળાના જણાવ્યા મુજબ વર્ષ 2025-26ના પરિણામમાં ધોરણ 10માં 338 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 447 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. જ્યારે ધોરણ 12માં 109 વિદ્યાર્થીઓએ A1 અને 234 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. વિદ્યા સંકુલમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓમાંથી આજદિન સુધીમાં 800થી વધુ એન્જિનિયર, 100થી વધુ ડોક્ટરો, CA, CS, આર્મી તથા પોલીસ અધિકારીઓ અને વિવિધ સરકારી સેવાઓમાં અધિકારીઓ બન્યા છે.

### 1,400થી વધુ સ્ટાફ સંસ્થાની તાકાત

વિદ્યા સંકુલમાં હાલમાં 1,400થી વધુ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે. સંસ્થાના જણાવ્યા મુજબ, સ્ટાફની નિષ્ઠા અને સતત મહેનત સંસ્થાના વિકાસ અને વિસ્તરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

### 1.25 લાખ ચોરસ ફૂટનું વિશાળ મેદાન અને ગાર્ડન

વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ તથા વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓ માટે આશરે 1.25 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં વિશાળ ગાર્ડન અને મેદાન વિકસાવવામાં આવ્યું છે. કેમ્પસમાં 1,250 બેઠકની ક્ષમતાવાળું વિશાળ ઓડિટોરિયમ તેમજ 180 બેઠકનું મિની ઓડિટોરિયમ પણ કાર્યરત છે. વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અન્ય કાર્યક્રમો માટે આ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

### ડિજિટલ શિક્ષણ સાથે પ્રેક્ટિકલ લેબની સુવિધા

આધુનિક શિક્ષણની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંકુલમાં 13 કોમ્પ્યુટર લેબ તથા સ્માર્ટ વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ડિજિટલ યુગને અનુરૂપ શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર આધારિત અભ્યાસ પર ભાર મૂકવામાં આવે છે. સાયન્સ અને ગણિત જેવા વિષયોને માત્ર પુસ્તકી જ્ઞાન સુધી મર્યાદિત ન રાખીને પ્રેક્ટિકલ રીતે સમજાવવા માટે કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી અને લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.

### સોલારથી વીજળી, 1,300થી વધુ વૃક્ષો

શાળા કેમ્પસને પર્યાવરણલક્ષી બનાવવાના પ્રયાસરૂપે શાળાની જરૂરીયાતની વીજળી માટે 500 KWની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને તેઓ વિવિધ વૃક્ષોને ઓળખી શકે તે માટે કેમ્પસમાં 1,300થી વધુ નાના-મોટા વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ રીતે શિક્ષણની સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.


### 171થી વધુ સ્કૂલ બસ, 900થી વધુ CCTV

વિદ્યાર્થીઓની અવરજવર અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંકુલ દ્વારા 171થી વધુ સ્કૂલ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર વિદ્યાસંકુલનું મોનિટરિંગ અને વિદ્યાર્થીઓની સલામતી માટે કેમ્પસમાં 900થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે.

### શિક્ષણ સાથે મેડિકલ ક્ષેત્રે પણ સેવા

વર્ષ 2007થી ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મેડિકલ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. વરાછા, ડભોલી-કતારગામ, મોટા વરાછા તથા લસકાણા ખાતે મળી કુલ ચાર મેડિકલ સેન્ટરો કાર્યરત છે. આ કેન્દ્રોમાં સોનોગ્રાફી, એક્સ-રે, આંખ વિભાગ, દાંત વિભાગ, લેબોરેટરી અને જનરલ ફિઝિશિયન સહિતની વિવિધ તબીબી સેવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ટ્રસ્ટના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 75 લાખથી વધુ લોકોએ આ મેડિકલ સેવાઓનો લાભ લીધો છે.



નિલેશભાઈ બળવંતભાઈ પટેલ - ગામછીણી,ઓલપાડ



કલ્પના પટેલ - શિવનગર સોસા. નવસારી



શ્રેયસી સુકાની - જ્યોતિનગર સોસાયટી, બીલીમોરા



નોવા કિડ્ઝ and ક્લાસિસ, પાસોદરા ગામ



ધર્મી કીર્તિ - મજી ગામના સમ્રાટ ,ચીખલી.



નરેશ પટેલ - હાથીસા ગામ, ઓલપાડ



મિહિત દેસાઈ - મજીગામ, ચીખલી,